Extra No. 108

વાર્ષિક લવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

### PUBLISHED BY AUTHORITY

**Vol. LVI]      TUESDAY, SEPTEMBER 15, 2015/BHADRA 24, 1937**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

**PART IV-A**

**Rules and Orders (Other than those published in Parts I, I-A, and I-L) made by the Government of Gujarat under the Central Acts.**

## NARMADA, WATER RESOURCES, WATER SUPPLY AND KALPASAR DEPARTMENT

### Notification

Sachivalaya, Gandhinagar, 15th September, 2015.

**CONSTITUTION OF INDIA.**

No.:-GJ/ 9 of 2015/RRC/102014/1764/E-5 :- In exercise of the powers conferred by the proviso to article 309 of the Constitution of India and in supersession of all the rules made in this behalf, the Governor of Gujarat hereby makes the following rules to provide for regulating recruitment to the post of Assistant Engineer (Civil), Class-II, in the Gujarat Engineering Services under the Narmada, Water Resources, Water Supply and Kalpasar Department, namely :-

1. These rules may be called the Assistant Engineer (Civil), Class-II, Recruitment Rules, 2015.

2. Appointment to the post of Assistant Engineer (Civil), Class-II, in the Gujarat Engineering Services, under the Narmada, Water Resources, Water Supply and Kalpasar Department shall be made by direct selection on the basis of the result of the competitive examination, held by the Gujarat Public Service Commission for this purpose.

3. To be eligible for appointment by direct selection to the post mentioned in rule-2, a candidate shall,-

   (a) not be more than 30 years of age :

   Provided that the upper age limit may be relaxed in favour of a candidate who is already in the service of the Government of Gujarat in accordance with the provisions of the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967.

   (b) possess,-

   (i) a degree in Engineering (Civil) obtained from any of the Universities or institutions established or incorporated by or under the Central or State Act in India; or any other educational institutions recognised as such or declared to be a deemed University under section 3 of the University Grants Commission Act, 1956.

(ii) the basic knowledge of computer application as prescribed in the Gujarat Civil Services Classification and Recruitment (General) Rules, 1967.

(iii) adequate knowledge of Gujarati or Hindi or both.

4. The ~~selected~~ candidate appointed by direct selection shall be on probation for a period of two years.

5. The selected candidate shall, during his probation period, be required to pass the qualifying examination for computer knowledge in accordance with the provisions of the Gujarat Civil Services Computer Competency Training and Examination Rules, 2006.

6. The selected candidate shall require to pass the departmental/ professional examination and an examination in Hindi or Gujarati or both in accordance with the rules prescribed by the Government.

7. The selected candidate shall have to undergo such training and pass such examination as may be prescribed by the Government.

8. The selected candidate shall be required to furnish a security and surety bond in such form, for such amount and for such period as may be prescribed by the Government.

By order and in the name of the Governor of Gujarat,

**HEMESH MARADIYA,**
Deputy Secretary to Government,

---

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

Extra No. 81

વાર્ષિક લવાજમનો દર ૩૫૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII] FRIDAY, APRIL 22, 2016/VAISAKHA 2, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IV-A

**Rules and Orders (Other than those published in Parts I, I-A, and I-L) made by the Government of Gujarat under the Central Acts**

**NARMADA, WATER RESOURCES, WATER SUPPLY AND KALPASAR DEPARTMENT**

Notification

Sachivalaya, Gandhinagar. 21st April, 2016.

**CONSTITUTION OF INDIA**

No. GJ / 07of 2016/ RRC/102014/1764/E-5:- In exercise of the powers conferred by the proviso to article 309 of the Constitution of India, the Governor of Gujarat hereby makes the following rules further to amend the Assistant Engineer (Civil), Class II, Recruitment Rules 2015, namely:-

1. These rules may be called the Assistant Engineer (Civil), Class II, Recruitment (Amendment) Rules, 2016.

2. In the Assistant Engineer (Civil), Class II, Recruitment Rules, 2015, (hereinafter referred to as "the said rules") in rule 2, the words, "on the basis of the result of the competitive examination, held by the Gujarat Public Service Commission for this purpose" shall be deleted.

3. In the said rules, in rule 3, in clause (a), for the figures and word "30 years", the figures and word "35 years" shall be substituted.

4. In the said rules, in rule 4 to 8 for the words "The selected candidate" wherever it occurs, the word "The candidate appointed by direct selection" shall be substituted.

By order and in the name of Governor of Gujarat,

**HEMESH MARADIYA,**

Deputy Secretary to Government.

--------------------

Extra No. 210

વાર્ષિક લાવાજમનો દર રૂા. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. LVII ] FRIDAY, JUNE 24, 2016/ASADHA 3, 1938

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૨૪મી જૂન, ૨૦૧૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા ગુજરાત સરકારના **નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર** વિભાગ-ના **તારીખઃ ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૧૫** ના સરકારી જાહેરનામા **ક્રમાંકઃ જીજે/૨૦૧૫ નો ૯/આરઆરસી/ ૧૦૨૦૧૪/૧૭૬૪/ઈ-૫** નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

**આર. આર. ચાવડા,**
સરકારના નાયબ સચિવ.

# Notification

***Regarding***

**The Assistant Engineer (Civil), Class-II, Recruitment Rules, 2015.**

**મદદનીશ ઈજનેર (સિવિલ), વર્ગ-૨, ભરતી નિયમો, ૨૦૧૫ સંબંધી જાહેરનામું.**

**નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, તારીખ: ૧૫મી સપ્ટેમ્બર, ૨૦૧૫.

**ભારતનું સંવિધાન.**

**ક્રમાંક: જીજે / ૨૦૧૫નો ૯ / આરઆરસી / ૧૦૨૦૧૪ / ૧૭૬૪ / ઈ-૫:-** ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળની ગુજરાત ઈજનેરી સેવામાં, મદદનીશ ઈજનેર (સિવિલ), વર્ગ-૨-ની જગા પર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો મદદનીશ ઈજનેર (સિવિલ), વર્ગ-૨, ભરતી નિયમો, ૨૦૧૫ કહેવાશે.

૨. નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળની ગુજરાત ઈજનેરી સેવામાં, મદદનીશ ઈજનેર (સિવિલ), વર્ગ-૨-ની જગા પરની નિમણૂક, ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા આ હેતુ માટે યોજવામાં આવેલી સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે, સીધી પસંદગીથી કરવી જોઈશે.

૩. નિયમ-૨માં જણાવેલી જગા પર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે, ઉમેદવાર,-

(ક) ૩૦ વર્ષથી વધુ ઉંમરનો હોવો જોઇશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઇઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વય-મર્યાદા હળવી કરી શકાશે.

(ખ) (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજ્ય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ અથવા સંસ્થાઓ પૈકી કોઈપણમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલી એન્જિનિયરીંગ (સિવિલ)ની પદવી ધરાવતો હોવો જોઈશે.

(૨) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઇશે.

(૩) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઇશે.

૪. પસંદગી પામેલા ઉમેદવારે, બે વર્ષની મુદત સુધી અજમાયશ પર રહેવું પડશે.

૫. પસંદગી પામેલા ઉમેદવારે, પોતાની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૬. પસંદગી પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર ખાતાકીય / વ્યાવસાયિક પરીક્ષા અને હિન્દી અથવા ગુજરાતી અથવા તે બંને પરીક્ષા પાસ કરવાની રહેશે.

૭. પસંદગી પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે.

૮. પસંદગી પામેલા ઉમેદવારે, સરકાર દ્વારા ઠરાવવામાં આવે તેવા નમૂનામાં, તેટલી રકમની અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

**હેમેશ મારડિયા,**
સરકારના નાયબ સચિવ.

-----------

**સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.**

Extra No. 217

વાર્ષિક લવાજમનો દર રૂ. ૩૫૦૦/-

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

**PUBLISHED BY AUTHORITY**

**Vol. LVII ] THURSDAY, JUNE 30, 2016/ASADHA 9, 1938**

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

## PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

**વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી જૂન, ૨૦૧૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા **તારીખઃ ૨૧મી એપ્રિલ, ૨૦૧૬**ના ગુજરાત સરકારના **નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર** વિભાગના સરકારી જાહેરનામા **ક્રમાંક : જીજે /૨૦૧૬નો ૦૭ / આરઆરસી / ૧૦૨૦૧૪ /૧૭૬૪ /ઈ.૫.** નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

**આર. આર. ચાવડા,**
સરકારના નાયબ સચિવ.

**Notification**

***Regarding***

**Amendment to the Assistant Engineer (Civil), Class II, Recruitment Rules, 2015.**

**મદદનીશ ઇજનેર (સિવિલ), વર્ગ-૨, ભરતી નિયમો, ૨૦૧૫ સુધારવા સંબંધી**

**જાહેરનામું.**

**નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,**

સચિવાલય, ગાંધીનગર,.૨૧મી એપ્રિલ, ૨૦૧૬.

**ભારતનું સંવિધાન.**

**ક્રમાંક: જીજે/૨૦૧૬નો ૦૭/આરઆરસી/૧૦૨૦૧૪/૧૭૬૪/ઇ-૫:-** ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, મદદનીશ ઇજનેર (સિવિલ), વર્ગ-૨, ભરતી નિયમો, ૨૦૧૫ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છે:-

૧. આ નિયમો મદદનીશ ઇજનેર (સિવિલ), વર્ગ-૨, ભરતી (સુધારા) નિયમો, ૨૦૧૬ કહેવાશે.

૨. મદદનીશ ઇજનેર (સિવિલ), વર્ગ-૨, ભરતી નિયમો, ૨૦૧૫ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૨-માં, "ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા આ હેતુ માટે યોજવામાં આવેલી સ્પર્ધાત્મક પરીક્ષાના પરિણામના આધારે" એ શબ્દો કમી કરવા.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૩માં, ખંડ (ક)માં, "૩૦ વર્ષથી" એ આંકડા અને શબ્દને બદલે, "૩૫ વર્ષથી" એ આંકડા અને શબ્દ મૂકવા.

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૪ થી ૮માં, "પસંદગી પામેલા ઉમેદવારે" એ શબ્દો જ્યાં જ્યાં આવતાં હોય ત્યાં, "સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે" એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

**હેમેશ મારડિયા,**
સરકારના નાયબ સચિવ.

--------------

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.